સુરત મહાનગરપાલિકા

# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય

અઠવાલાઈન્સ, સુરત. ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેકસ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail:library@suratmunicipal.org

**સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકા સંચાલિત જુદા જુદા જાહેર વાંચનાલયો અને જાહેર પુસ્તકાલયો ખાતે પ્લાસ્ટિકની બિન ઉપયોગી, જુની તુટી ગયેલ ખુરશીઓ વેચાણથી આપવાના કામ બાબત**

**ફોર્મ ફી રૂ.૧૦૦/-** **અર્નેસ્ટ મની રૂ.૧૦૦૦/-**

**કવોટેશન પ્રસિધ્ધ થયા તારીખ : ૨૧/૧૦/૨૦૨૬**

**કવોટેશન ભરવાની છેલ્લી તારીખ અને સમય : ૦૫/૧૧/૨૦૨૬ (સાંજે ૫.૦૦ કલાક સુધી)**

| | | | |
|---|---|---|---|
| (૧) | કામની વિગત | : | પ્લાસ્ટિકની બિન ઉપયોગી, જુની તુટી ગયેલ ખુરશી વેચાણનુ કામ |
| (૨) | સંસ્થા/પેઢી/ટેન્ડરર નું નામ | : | |
| (3) | સંસ્થા/પેઢી/ટેન્ડરર નું સરનામુ તથા ટેલિફોન નંબર | : | |
| (૪) | GST નંબર | : | |
| | સેલ્સ ટેક્ષ નંબર | : | |
| (૫) | પ્રોફેસનલ ટેક્સ પહોંચ નંબર | : | |
| (૬) | ફોર્મ ફી | : | ૧૦૦ રૂપિયા ( GST (નોન રીફંડેબલ) સહિત ) |
| (૭) | અર્નેસ્ટ મની ની રકમ | : | ૧,૦૦૦ રૂપિયા |
| (૮) | સિકયોરીટી ડીપોઝીટની રકમ | : | ૧૦,૦૦૦ રૂપિયા |
| (૯) | બેંકની વિગત | : | બેંકનું નામ ______________________ |
| | | : | બ્રાંચ___________________________ |
| | | : | એકા.નં.________________________<br>એકા.ટાઈપ______________________ |
| (૧૦) | TCS | : | સરકાર માન્ય દર મુજબ ભરવાપાત્ર રહેશે. |
| (૧૧) | ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર નં. અને તારીખ | : | |

| **ક્રમ** | **સ્ક્રેપ પ્રકાર** | **ભરેલ ભાવ ક્વિન્ટલ (૧૦૦ કિલો) દીઠ** |
|---|---|---|
| ૧ | પ્લાસ્ટિકની ખુરશી | રૂ. |

સંસ્થા/પેઢી/ટેન્ડરર ની સહી:- ---------------------------------------

પેઢી (ફર્મ) નો સિક્કો:-

**-:શરતો:-**

૧. પ્લાસ્ટિકની બિન ઉપયોગી (તુટેલ) ખુરશી વેચાણ થી લેતા સ્ક્રેપના વ્યવસાય સાથે સંકળાયેલ સંસ્થા/પેઢી/ટેન્ડરર જ વેચાણથી લેવાના ભાવો ભરી શકશે.

૨. સંસ્થા/પેઢી/ટેન્ડરરે સ્ક્રેપ વેચાણથી લેવાના ભાવો નિયત ટેન્ડર ફોર્મમાં ક્વિન્ટલ દીઠ ભરવાના/આપવાના રહેશે.

૩. સંસ્થા/પેઢી/ટેન્ડરરે નીચે મુજબના સ્વપ્રમાણિત/નોટરાઇઝ સર્ટીફિકેટ/આધાર પુરાવા ટેન્ડર સાથે રજુ કરવાના રહેશે.

1. વ્યવસાય વેરા, મિલકત વેરા ભર્યાની પહોંચ
2. ફોર્મ ફી ભર્યાની પહોંચ
3. બેંક પાસબુકના પ્રથમ પેજની નકલ/કેન્સલ ચેક
4. પાછલા વર્ષની ઈન્કમ ટેક્સ રિટર્ન ભર્યાની નકલ
5. ૨ (બે) પાસપોર્ટ સાઈઝના ફોટા

૪. ભાવ ભરનાર પેઢી અન્ય કોઈ સરકારી, અર્ધસરકારી કે માન્ય સંસ્થાઓ દ્વારા બ્લેક લીસ્ટ થયેલ નથી તેની ભાવ ભરનાર વેપારીએ બાંહેધરી આપવાની રહેશે આપેલ બાંહેધરી ખોટી માલુમ પડયે નિયમાનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૫. શરતી ટેન્ડર કે ટેન્ડરમાં જણાવેલ રીતથી અલગ રીતે ભરેલ કે ટેન્ડર ની કોઈ શરત કે આઈટમ ના વર્ણન કે સ્પેસીફિકેશનમાં ફેરફાર કરેલુ ટેન્ડર રજુ કર્યુ હશે તો તે સ્વીકારવામાં આવશે નહીં.

૬. બાના (ઈ.એમ.ડી.) ની રકમ રુપિયા ૧૦૦૦/- (અંકે રુપિયા એક હજાર પુરા) નો રાષ્ટ્રીયકૃત બેંક નો ડિમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર ભાવ પત્રક સાથે રજુ કરવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર "**સુરત મહાનગરપાલિકા**" ના નામનો હોવો જરુરી છે. આમ ન કર્યેથી ટેન્ડર આપોઆપ રદબાતલ થવાને પાત્ર ગણાશે.

૭. જે સંસ્થા/પેઢી/ટેન્ડરરેનું ટેન્ડર મંજુર થાય તેમણે સિકયોરીટી ડિપોઝીટ રૂપિયા ૧૦૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) જાણ થયેથી દિન-૭ માં ભરી, પોતાના ખર્ચે આ કામનુ સરકારશ્રીના નિયમ મુજબ ૩૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર ઊપર કરારનામું કરી આપવાનુ રહેશે. જો તેમ કરવામા કસુર થશે તો તેઓની ઈ.એમ.ડી. જપ્ત કરી આગામી ૧ (એક) વર્ષ માટે તેઓને બ્લેકલિસ્ટ કરવામા આવશે. અને ત્યારબાદ બીજા નંબરના વધુ ભાવ ભરનાર સંસ્થા/પેઢી/ટેન્ડરરને પ્રથમ વધુ ભાવ ભરનારના ભાવથી કામ આપવામાં આવશે.

૮. સુરત મહાનગરપાલિકા સંચાલિત / અધિકૃત વજનકાંટે ખાલી તથા ભરેલા વાહનનું વજન કરી તે મુજબના નાણાં "**સુરત મહાનગરપાલિકા**" ના નામે ચેક થી જમા કરાવ્યા બાદ જ પ્લાસ્ટિકની બિન ઉપયોગી (તુટેલ) ખુરશીઓ લેવાની રહેશે.

સુરત મહાનગરપાલિકા સંચાલિત / અધિકૃત વજનકાંટે ખાલી વાહનનું વજન કરી નિયત કરેલ જાહેર પુસ્તકાલય ખાતેથી નવી ખુરશીઓ લઇ જે જગ્યાએથી પ્લાસ્ટિકની બિન ઉપયોગી (તુટેલ) ખુરશીઓ લેવાની છે ત્યાં મુકી ત્યારબાદ જ પ્લાસ્ટિકની બિન ઉપયોગી (તુટેલ) ખુરશીઓ લેવાની રહેશે.

ટેન્ડરરે પ્લાસ્ટિકની બિન ઉપયોગી (તુટેલ) ખુરશી અત્રેના વર્કઓર્ડરની તારીખ થી દિન-૩૦ માં જે તે પુસ્તકાલય / વાંચનાલયોના સ્થળ પરથી પોતાના કામદારો અને વાહનો દ્વારા સ્થળ પર યથાસ્થિતિ એક્ત્ર કરવાની રહેશે. પ્લાસ્ટિકની બિન ઉપયોગી (તુટેલ) ખુરશી લઇ જતી વેળા / ટ્રાન્સપોટેશનની સમગ્ર કામગીરી દરમ્યાન કુદરતી કે માનવસર્જીત કોઈપણ ઘટના / અકસ્માત થાય કે કોઈ વ્યકિત / કર્મચારીને ઈજા પહોંચે તો તે અંગેની સંપુર્ણ જવાબદારી સંસ્થા / પેઢી / ટેન્ડરરની રહેશે.

૯. જો ભાવ ભરનાર સંસ્થા/પેઢી/ટેન્ડરર સુરત શહેર બહારના હશે તો તેઓએ સુરત શહેરમાં પોતાની ઓફિસ કે સ્થાનિક પ્રતિનિધિ રાખવાના રહેશે જેથી કરીને કામગીરીમાં બિનજરૂરી સમય પસાર ન થાય.

સંસ્થા/પેઢી/ટેન્ડરર ની સહી:- ------------------------------------------

પેઢી (ફર્મ) નો સિક્કો:-

૧૦. શરતોના અર્થઘટન અંગેનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે અને તે બંને પક્ષે બંધનકર્તા રહેશે. ટેન્ડર અંગે જો કોઈ પક્ષે દર દાવો ઉપસ્થિત થાય અને કોઈ કાનુની કાર્યવાહી કરવાની જરૂર જણાય તો તે સુરત કોર્ટને આધિન રહેશે.

૧૧. આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ ટેન્ડર સ્વીકારવુ કે ન સ્વીકારવુ અથવા જે તે વિભાગ માટે ઉંચા ભાવ આપનાર ટેન્ડરરો વચ્ચે વહેંચવુ તે અંગેનો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાનો અધિકાર અબાધિત રહેશે અને તે અંગેના કોઈ કારણ સંસ્થા/પેઢી/ટેન્ડરરને આપવામા આવશે નહીં.

૧૨. પ્લાસ્ટિકની બિન ઉપયોગી (તુટેલ) ખુરશી જે તે જાહેર વાંચનાલય / જાહેર પુસ્તકાલય સ્થળે જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ ક્લાક સુધીમાં જોવા મળશે.

૧૩. જો પેઢી પ્રોપરાયટરશીપની હોય તો માલિકનું નામ અને જો ભાગીદારી પેઢી હોય તો તમામ ભાગીદારોના નામ અને જો પેઢી લીમીટેડ કંપનીની હોય તો તેમના મેનેજીંગ ડીરેકટરનું નામ, સરનામાં, ફોન નંબરની વિગતો સાથે આપવી તેમજ લીમીટેડ કંપનીના કિસ્સામાં મહાનગરપાલિકા સાથે કરાર કરવાની સત્તા ધરાવતા ઈસમોને જરૂરી અધિકાર પત્ર કંપની તરફથી ઈસ્યુ થયેલ હોવો જોઈએ તેની નકલ આ સાથે આપવાની રહેશે. વિશેષમાં મહાનગરપાલિકા સાથેના વ્યવહારમાં જે આસામી સતત સંપર્કમાં રહી શકે તેના નામ, સરનામાં, ફોન નંબરની વિગતો આપવાની રહેશે.

૧૪. ભાવપત્રક/ટેન્ડરનો વેલીડીટી પિરિયડ પ્રાઈઝબીડ ઓપન કર્યા તારીખથી ૧૨૦ દિવસનો રહેશે. સંસ્થા/પેઢી/ટેન્ડરર દ્વારા ટેન્ડરમાં ભરેલ ભાવ પાછા ખેંચી શકાશે નહીં. અને/અથવા પોતાના તરફે કોઈ નવી શરત રજુ કરી શકશે નહીં. જેનો ભંગ થયેથી સંસ્થા/પેઢી/ટેન્ડરરનું ટેન્ડર રદ બાતલ થવા પાત્ર રહેશે તેમજ ટેન્ડરરે જમા કરાવેલ ડિપોઝીટ ની રકમ સહિતની સઘળી જમા રકમ જપ્ત થવા પાત્ર રહેશે.

૧૫. સફળ સંસ્થા/પેઢી/ટેન્ડરર પોતાનો ઈજારો/પરવાનો બીજા પેટા ઈજારદારને તબદીલ કરી શકશે નહીં. જો તેમ કરશે તો ભરેલ ડિપોઝીટની રકમ જપ્ત કરી, તેઓને બ્લેકલિસ્ટ કરવામા આવશે.

૧૬. આવેલ ભાવો પરત્વે જો વાટાઘાટની જરૂરિયાત જણાય તો વાટાઘાટની પદ્ધતિ સુરત મહાનગરપાલિકા નક્કી કરે તે મુજબ ભાવ ભરનાર સંસ્થા/પેઢી/ટેન્ડરરને બંધનકર્તા રહેશે અને મંજુર થયેલ ભાવથી વર્કઑર્ડર આપવામા આવે તે રીતે કામ કરવાનુ રહેશે.

૧૭. જે સંસ્થા/પેઢી/ટેન્ડરરને કામગીરી સોંપવામા આવે તે સંસ્થા/પેઢી/ટેન્ડરરે કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે કોઈપણ સંજોગોમાં અધવચ્ચેથી કામગીરી છોડી દેવામા આવશે કે ઈજારદારને સોંપવામા આવેલી કામગીરીની મનાઈ કરે/કરવા અસક્ષમ બને તો તેઓએ ભરેલી સિકયોરીટી ડિપોઝીટ કોઈપણ સંજોગોમા પરત મળશે નહીં તથા ડિફોલ્ટ થનાર સંસ્થા/પેઢી/ટેન્ડરર આગામી ૫ (પાંચ) વર્ષ સુધી સદર વિભાગની પ્લાસ્ટિકની બિન ઉપયોગી (તુટેલ) ખુરશીની કોઈપણ કામગીરી માટે માન્ય રહેશે નહીં.

૧૮. સફળ ઈજારદારે પોતાનો પાર્ટી કોડ જનરેટ કરાવવાનો રહેશે જે માટે જરૂરી ડોકયુમેન્ટ અત્રેની ક્ચેરી દ્વારા મંગાવવામાં આવે તે રીતે આપવાના રહેશે.

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી, વંચાવી છે. સમજી છે જે મને અને મારા ભાગીદારને બંધનકર્તા છે અને રહેશે.

**(નોંધ : ઉક્ત જણાવેલ કામે ઉપરોક્ત સરનામા પરથી ભાવપત્રકનુ ફોર્મ તેમજ તેની શરતો નીયત ફી ભર્યેથી મેળવવાના રહેશે.)**

સંસ્થા/પેઢી/ટેન્ડરર ની સહી:- ----------------------------------------

પેઢી (ફર્મ) નો સિક્કો:-

## <u>ચેક લિસ્ટ</u>

| ક્રમ નં. | વિગત | √- ખરા ની નિશાની કરવી |
|---|---|---|
| ૧ | GST રજીસ્ટ્રેશન / સેલ્સ ટેક્ષ સર્ટીફિકેટ (સ્વપ્રમાણિત/ નોટરાઇઝ) | |
| ૨ | સોલવન્સી સર્ટીફિકેટ (સ્વપ્રમાણિત/નોટરાઇઝ) | |
| ૩ | વ્યવસાય વેરા ભર્યાની પહોંચ (સ્વપ્રમાણિત/નોટરાઇઝ) | |
| ૪ | મિલકત વેરા ભર્યાની પહોંચ (સ્વપ્રમાણિત/નોટરાઇઝ) | |
| ૫ | ફોર્મ ફી ભર્યાની પહોંચ | |
| ૬ | બેંક પાસબુકના પ્રથમ પેજની નકલ/કેન્સલ ચેક | |
| ૭ | પાછલા વર્ષની ઈન્કમ ટેક્સ રિટર્ન ભર્યાની નકલ (સ્વપ્રમાણિત/નોટરાઇઝ) | |
| ૮ | ૨ (બે) પાસપોર્ટ સાઈઝના ફોટા | |
| ૯ | દરેક પાના ઉપર સહી અને સિક્કો | |
| ૧૦ | બાના (ઈ.એમ.ડી.) ની રકમ રુપિયા ૧૦૦૦/- (અંકે રુપિયા એક હજાર પુરા) નો રાષ્ટ્રીયકૃત બેંક નો ડિમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર | |

સંસ્થા/પેઢી/ટેન્ડરર ની સહી:- ------------------------------------------

પેઢી (ફર્મ) નો સિક્કો:-